અપીલ અરજી નં.૨૯૬ તા.૧૬–૧–૦૯

અરજદારઃ શ્રી સૈયદ સાબીર અલી
સામાવાળાઃ ડે.કમિશ્નર (હેઅનેહો) અને જાહેર માહિતી અધિકારી (આઈએસડી ઘટક–૧)

***ફરીયાદની હકીકતઃ–***

***વિષય :–***આરટીઆઈ એકટ હેઠળ શ્રી સૈયદ સાબીર અલીની તા.૧૨–૧૨–૦૮ની અરજીથી આસીડીએસ ઘટક–૧ સુરત શહેરમાં કયારથી (તા.મ.વ.) થી અસ્તિત્વમાં આવ્યું હાલમાં કુલ કેટલી આંગણવાડીઓ (ઘટક–૧) માં ચલાવાય છે તેનું સંચાલનમાં કોણે કેટલો ફાળો (ગ્રાન્ટ, કેન્દ્ર ,રાજય, સુરત મહાનગરપાલિકા) આપેલ છે ઘટક–૧ હેઠળ ચલાવાતી આંગણવાડી નં.૧થી ૧૦ હાલ કયા કયા સ્થળે (વોર્ડ,ઘર નં.) તબદીલ થયેલ છે અને શા કારણે? ઘટક–૧ ની ૧ થી ૧૦ સુધીની આંગણવાડી ભાડાના મકાનમાં ચાલતી હોય તેવી મકાન નંબર,વોર્ડ નંબર, મકાન માલિકનું નામ તેમની જોડે કરેલ કરારો,લખાણ,સંમતિપત્ર, ચૂકવવાનું થતું ભાડું વિગેરેની માહિતી આપવા બાબત.

***સંદર્ભ :–*** અરજદાર મજકુરની તા.૧૬–૧–'૦૯ ની અપીલ અરજી નં.૨૯૬/૨૦૦૮–૦૯

શ્રી સૈયદ સાબીર અલીની તા.૧૨–૧૨–૦૮ની અરજીથી આસીડીએસ ઘટક–૧ સુરત શહેરમાં કયારથી (તા.મ.વ.) થી અસ્તિત્વમાં આવ્યું હાલમાં કુલ કેટલી આંગણવાડીઓ (ઘટક–૧) માં ચલાવાય છે તેનું સંચાલનમાં કોણે કેટલો ફાળો (ગ્રાન્ટ, કેન્દ્ર ,રાજય, સુરત મહાનગરપાલિકા) આપેલ છે ઘટક–૧ હેઠળ ચલાવાતી આંગણવાડી નં.૧થી ૧૦ હાલ કયા કયા સ્થળે (વોર્ડ,ઘર નં.) તબદીલ થયેલ છે અને શા કારણે? ઘટક–૧ ની ૧ થી ૧૦ સુધીની આંગણવાડી ભાડાના મકાનમાં ચાલતી હોય તેવી મકાન નંબર,વોર્ડ નંબર, મકાન માલિકનું નામ તેમની જોડે કરેલ કરારો,લખાણ,સંમતિપત્ર, ચૂકવવાનું થતું ભાડું વિગેરેની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિ બાદ પ્રત્યુત્તર ન મળેલ હોવાના પ્રતિભાવથી નારાજ થઈ એપેલ ેટ ઓફિસરને તા.૧૬–૧–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની ફી ભર્યાની વિગત સહિતની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ તથા આપવા જોગ પૂરક માહિતીની વિગતો તેમજ વિલંબ/ વિસંગતતા તથા ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૯૮૫ તા.૨૦–૧–૦૯ થી ડે.કમિશ્નર (હેઅનેહો) અને જાહેર માહિતી અધિકારી (આઈએસડી ઘટક–૧) ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને આજ દિન સુધી અત્રેના વિભાગને માહિતી મળેલ નથી. કે માહિતીના ઈન્કાર માટે કલમ૮,૯કે ૧૧ પૈકીના કોઈ અપવાદ જણાયેલ નથી.

અરજદાર તરફથી તા.૧૨–૧૨–૦૮ ની અરજીથી આસીડીએસ ઘટક–૧ સુરત શહેરમાં કયારથી (તા.મ.વ.) થી અસ્તિત્વમાં આવ્યું હાલમાં કુલ કેટલી આંગણવાડીઓ (ઘટક–૧) માં ચલાવાય છે તેનું સંચાલનમાં કોણે કેટલો ફાળો (ગ્રાન્ટ, કેન્દ્ર ,રાજય, સુરત મહાનગરપાલિકા)આપેલ છે ઘટક–૧ હેઠળ ચલાવાતી આંગણવાડી નં.૧થી૧૦ હાલ કયા કયા સ્થળે (વોર્ડ,ઘર નં.) તબદીલ થયેલ છે અને શા કારણે? ઘટક–૧ ની ૧ થી ૧૦ સુધીની આંગણવાડી ભાડાના મકાનમાં ચાલતી હોય તેવી મકાન નંબર,વોર્ડ નંબર, મકાન માલિકનું નામ તેમની જોડે કરેલ કરારો,લખાણ,સંમતિપત્ર, ચૂકવવાનું થતું ભાડું વિગેરેની માહિતી રેકર્ડની પ્રમાણિત નકલ સહિત આપવા બાબતે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી કોઈ માહિતી પુરી પડાયેલ નથી કે માહિતીના ઈન્કાર અંગે કોઈ અપવાદ રજુ કરેલ નથી.

***હુકમ***

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૨–૧૨–૦૮ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી નહી પૂરી પડાયેલી માહિતી આરટીઆઈ કાયદાની કલમ–૭(૬) હેઠળ વિના મુલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં અરજદારને પુરી પાડવા ડે.કમિશ્નર (હેઅનેહો) અને જાહેર માહિતી અધિકારી (આઈએસડી ઘટક–૧) અને જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૨ –૦૯.

***ડે.કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧ ડે.કમિશ્નર (હેઅનેહો) અને જાહેર માહિતી અધિકારી (આઈએસડી ઘટક–૧) ....જાણ તથા અમલ માટે
(૨) શ્રી સૈયદ સાબીર અલી,